For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બાળકોની સાથે કામ કરવાની શૈલીમાં સહેજ પણ ફરક આવવાનો નથી પ્રાર્થના થશે : જિગર ઠાકર

# ખાનગી શાળા માટે સરકારી શાળાને નોટિસ આપતા વિવાદ,આચાર્યે દુ:ખની બાબત ગણાવી

**કવિદુલા** કાગ પ્રા. શાળામાં લાઉડ સ્પીકર વગાડવા મુદ્દે ખાનગી શાળાની લેખિત ફરિયાદને લઈ શિક્ષક સંઘ લાલઘૂમ



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

કવિ દુલા કાગ પ્રા.શાળાના આચાર્ય જિગર ઠક્કરે જણાવ્યું હતું કે, દુ:ખ થાય છે કે, અમારી સંસ્થા માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા હોય અને ગવર્મેન્ટની ગાઈડ લાઈન અનુસાર જ શાળામાં બાળકોના સંસ્કારનું સિંચન કરવા માટે અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના થતી હોય અને એ અંતર્ગત જો પ્રાઈવેટ સંસ્થા દ્વારા રજૂઆત ડીઈઓ સુધી કરવામાં આવે અને શાસનાધિકારી દ્વારા જો અમોને સરકારી સંસ્થાને આ બાબતની નોટિસ આપવામાં આવે તો આ ખૂબ જ દુ:ખદ ઘટના છે. ને દુ:ખ કહેવાય કે જે શબ્દોમાં વર્ણવી શકાય નહીં, અમારા શિક્ષકોનું મોરલ પણ આના લીધે ડાઉન થયું છે. હું મારું કાર્ય બીજાની લીટી ટૂંકી કરવા માટે ક્યારે કરતો નથી, મારી લીટી કઈ રીતે લાંબી થાય એ માટે જ હું કાર્ય કરતો આવ્યો છું. છેલ્લા પાંચ વર્ષની અંદર અમારી સંસ્થામાં 500 બાળકોથી લઈને આજે 1000 બાળકો પહોંચ્યા છે. પીએમસીમાં અમારો સમાવેશ થયો છે. શાળાનો સ્કૂલ ઓફ એક્સેલન્સ ગવર્મેન્ટ દ્વારા ઘણી બધી સારી સુવિધાઓ આપવામાં આવતી હોય છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પણ સારી સુવિધા આપવામાં આવતી હોય છે. પરિણામે આસપાસના વિસ્તારના જે બાળકો છે, એ અમારી સ્કૂલથી પ્રેરિત થયા છે અને દિવસે દિવસે સંખ્યા વધી રહી છે. એટલે એ બાબતે કેમ આવું થયું એક મોટો પ્રશ્ન છે. શાસનાધિકારીએ કીધું છે કે, આ બાબતે યોગ્ય તપાસ કરી સાચું કારણ શું છે. અને અરજદારની શું અરજી છે. ત્યારબાદ આગળની કાર્યવાહી કરીશું તેમ જણાવ્યુ હતુ.

**અરજીમાં પ્રાર્થનાનો નહિ લાઉડ સ્પીકરને જોરથી વગાડીને શિક્ષણ કાર્યમાં ખલેલનો ઉલ્લેખ**

કવિ દુલા કાગ પ્રા.શાળાની બાજુમાં આવેલી ખાનગી શાળા કે, જે વર્ષોથી સાથે કાર્યરત છે અને એમના તરફથી જિલ્લા શિક્ષણ અધિકારીને સંબોધી રજૂઆત આવી અને જે રજૂઆત છે, એ પરત્વે અમારી શાળાના આચાર્ય શું કહેવા માંગે છે કે ખરેખર આ વાસ્તવિક ઘટના હતી શું છે. એ જાણવા અહીંથી પત્ર વ્યવહાર કર્યો છે. એટલે આમાં બીજો કોઈ વિષય નથી. અરજીમાં પ્રાર્થના નો કોઈ ઉલ્લેખ નથી, અરજીમાં લાઉડ સ્પીકરનો જોરથી વગાડીને એમને શિક્ષણ કાર્યમાં ખલેલનો ઉલ્લેખ છે એ મહત્વનું છે

ડો.વિપુલ ભરતીયા,શાસનાધિકારી

**ડીઈઓની સરકારી શાળા સામે કાર્યવાહીથી વિવાદ**

ડીઈઓ સરકારના નીતિ નિયમોને નેવે મૂકી ખાનગી શાળાઓના ઈશારે કામ કરવા જાણે ટેવાયેલા ના હોય તેવી ઘટના સામે આવી છે. ખાનગી શાળાના ઈશારે તેમણે સરકારી શાળા સામે માત્ર પ્રાર્થના લાઉડ સ્પીકર પર વગાડવા જેવી બાબતે કાર્યવાહી કરતા શિક્ષણ સમિતિનું શિક્ષક સંઘ લાલઘૂમ થયું છે અને તેઓની આ કાર્યવાહીની નિંદા કરી છે.

ભત્રીજાઓ સાથે થયેલી બોલાચાલી બાદ દીકરી સાથે અશોભનીય વર્તન

## જવાહરનગરમાં યુવકને જાનથી મારી નાખવાની ધમકી, બે સામે ફરિયાદ

વીડિયો ઉતારી ધમકી આપ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવકને માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. યુવતી નો વિડીયો ઉતારી તેની સાથે ગેરવર્તન કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો . જવાહરનગર પોલીસે ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના ગોરવા કરોડિયા રોડ પર આવેલા લક્ષ્મી નારાયણ નગરમાં રહેતા સાહીનબાનુ ઈસ્માઈલ ઈબ્રાહીમ ખાટકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 20 માર્ચના રોજ સાંજે લગભગ 9:45 વાગ્યા દરમિયાન શ્રીજી ક્લિનિક પાસે ભત્રીજા અરબાઝ અને તૌકીર વાળ કપાવી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે આરોપી ઈકબાલ ઉર્ફે ફટક અકબરભાઈ હલદરવા, હનીફ ઉર્ફે ગેલીઓ અકબરભાઈ હલદરવા અને અકબર હલદરવા ત્યાં ઉભા હતા. ભત્રીજાઓને જોઈને આરોપીઓ ગંદી ગાળો બોલવા લાગ્યા અને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

ત્યારબાદ તેમની દીકરી માહીરા ત્યાં આવી જતા આરોપી નં.૨એ તેની સામે થૂંક્યું અને અશોભનીય શબ્દો બોલ્યા હતા. તેમજ તારા પિતાને જાનથી મારી નાખીશ" કહી ધમકી આપી હતી. આરોપીઓએ યુવતીનો વીડિયો ઉતારી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે ત્રીજા આરોપીએ પણ ગાળો બોલી પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપી હતી.

આમ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધવામાં આવતા હવે પોલીસ તપાસ થયા બાદ સાચી હકીકત બહાર આવશે તેવુ વિશ્વસનીય સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.

પશ્ચિમી વિક્ષેપ ભારતના ખેડૂતોને રડાવશે ?

## ફરી વરસાદની શકયતા, ગરમીના તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વાવાઝોડા સાથે શહેરમાં માવઠા બાદ વાતવરણ હવે સાફ રહ્યું છે. જોકે, ગરમીનો પારો 2 ડીગ્રી વધીને 34.2 પર પહોંચ્યો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન 18.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 59 ટકા અને સાંજે 26 ટકા નોંધાયું હતું. દક્ષિણના પવનો બંધ થઈ પશ્ચિમના પવનો ફૂંકાતા ફરીથી ગરમીનો પ્રકોપ શરૂ થવાની શકયતા છે.

હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન નબળું પડતા ગરમીના તાપમાનમાં વધારો થશે. નિષ્ણાંતોના મતે 22 માર્ચ અને ત્યારબાદ 25 થી 28 માર્ચ દરમિયાન ફરી નવા પશ્ચિમી વિક્ષેપો આવશે. 10 થી 20 એપ્રિલ દરમિયાન પ્રિ-મોન્સૂન એક્ટિવિટીને કારણે વાદળછાયું વાતાવરણ અને વરસાદની શક્યતા છે. તા.11 થી 20 મે દરમિયાન અરબ રાષ્ટ્રો તરફથી કાળી આંધી આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મે મહિનામાં અરબ સાગર સક્રિય થશે અને મે ના અંતથી જૂનની શરૂઆત વચ્ચે બંગાળના ઉપસાગરમાં ખતરનાક વાવાઝોડું આકાર લઈ શકે છે. આગામી 24 કલાક રાજ્ય માટે ભારે છે.સાયકલોનિક સર્ક્યુલેશનને કારણે નીચેના વિસ્તારોમાં ધૂળની ડમરીઓ અને કરા સાથે વરસાદ પડી શકે છે. જેના કારણે ખેડૂતોના ઉભા પાકને નુકસાન થવાની ભીતિ છે. નોંધનીય છે કે, હજી પણ 25 માર્ચ અને માર્ચના અંતમાં તેમજ એપ્રિલમાં નવા બે થી ચાર પશ્ચિમી વિક્ષેપ આવવાની શક્યતા છે. આ કારણોસર તાપમાનમાં ઘટાડો રહેશે અને વારંવાર વતવારણમાં પલટો જોવા મળી શકે છે.

ગેબિયન વોલની કામગીરી દરમિયાન નદીમાં મશીન ઉતારાતા પ્રાણીપ્રેમીઓની ચિંતા

## વિશ્વામિત્રી નદીમાં JCB ઉતારવાના મુદ્દે વિવાદ, જળચર જીવોને જોખમની આશંકા

**વન** વિભાગ અને એનજીઓની હાજરી વિના કામ શરૂ કર્યાના આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21:

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં ચાલી રહેલી ગેબિયન વોલની કામગીરીને લઈને ફરી એકવાર વિવાદ ઊભો થયો છે. નદીમાં સીધું JCB મશીન ઉતારવામાં આવતા જળચર જીવોને નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરી પ્રાણીપ્રેમીઓએ સામાજિક વનીકરણ વિભાગમાં રજૂઆત કરી છે. મળતી માહિતી મુજબ, વિશ્વામિત્રી નદીને પહોળી કરવાની કામગીરી ગત વર્ષે હાથ ધરાઈ હતી અને આ વર્ષે ફરીથી ગેબિયન વોલની કામગીરી શરૂ કરવામાં આવી છે. દરમિયાન મંગલ પાંડે બ્રિજની નીચે ખોદકામ કરી JCB મશીનને નદીના પાણીમાંથી પસાર કરાયું હતું, જેના કારણે નદીમાં વસવાટ કરતા કાચબા સહિતના જળચર પ્રાણીઓને જોખમ થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

પ્રાણીક્રૂરતા નિવારણ સંસ્થાના કાર્યકર રમેશભાઈએ જણાવ્યું હતું કે, કામગીરી શરૂ કરતા પહેલા વન વિભાગ, એનજીઓ અથવા રેસ્ક્યુઅરોને સાથે રાખવામાં આવ્યા નહોતા. આ મુદ્દે સામાજિક વનીકરણ વિભાગમાં રજૂઆત કરવામાં આવી છે. વધુમાં આરએફઓને જાણ કરવા છતાં સ્થળ પર કોઈ સ્ટાફ મોકલાયો ન હોવાનું પણ જણાવાયું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં જ આ વિસ્તારમાંથી ત્રણ મોટા કાચબાનો રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો જ્યારે એક કાચબાનું ઈજાને કારણે મોત થયું હતું. છેલ્લા 20 દિવસમાં ચાર મગરોના મોત થયાની પણ માહિતી સામે આવી છે, જેના કારણે પ્રાણીપ્રેમીઓમાં ચિંતા વધી છે.

પ્રાણીપ્રેમીઓએ માંગ કરી છે કે, વન વિભાગ અને મ્યુનિસિપલ તંત્ર દ્વારા યોગ્ય દેખરેખ હેઠળ જ કામગીરી આગળ વધારવી જોઈએ. સાથે જ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) સમિતિ સમક્ષ પણ લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વડસર બ્રિજ નજીક પોલીસની દાદાગીરી ?

## નશેડી પોલીસ કર્મચારીઓ દ્વારા સ્થાનિકો સાથે ઝપાઝપી કર્યાનો આક્ષેપ

**અંબે સ્કૂલ** પાસે રાત્રે ગાળો અને માર માર્યાનો વીડિયો વાયરલ થયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં પોલીસના વર્તન અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. વડસર બ્રિજ નજીક અંબે સ્કૂલ પાસે રાત્રિના સમયે કેટલાક પોલીસ કર્મચારીઓ નશાની હાલતમાં આવી સ્થાનિક લોકો સાથે ગાળો બોલી ઝપાઝપી કરતા હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પોલીસ કર્મચારીઓએ બિનજરૂરી રીતે ગાળો બોલી લોકોને માર માર્યો હતો. ઘટનાના સમયે ત્યાં હાજર એક જાગૃત નાગરિકે સમગ્ર બનાવનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે, જેના કારણે મામલો ચર્ચાનો વિષય બન્યો છે. વિડિયો વાયરલ થતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે અને પોલીસના આવા વર્તન અંગે સવાલો ઊભા થયા છે. "પોલીસ લોકોની સુરક્ષા માટે છે કે પછી લોકો પર જ અત્યાચાર કરવા માટે?" જેવા પ્રશ્નો લોકો ઉઠાવી રહ્યા છે. આ સમગ્ર મામલે પોલીસ ભવન ખાતે લેખિત અરજી આપી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

હવે જોવાનું રહ્યું કે ઉચ્ચ અધિકારીઓ આ મામલે શું પગલાં લે છે અને દોષિત પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી થાય છે કે નહીં. ઘટનાને પગલે વિસ્તારમાં સામાન્ય આક્રોશ નો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકોમાં પોલીસ પ્રત્યે રોષ જોવા મળી રહી છે.

VMC દ્વારા મેઈન્ટેનન્સ અને ફ્લોમીટર બેસાડવાની કામગીરી હાથ ધરાશે

## કપુરાઈ અને ગાયત્રીનગર ટાંકી હેઠળના વિસ્તારોમાં 23-24 માર્ચ દરમિયાન પાણી કાપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.21

વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા શાખા દ્વારા શહેરના પૂર્વ અને અન્ય વિસ્તારોમાં પાણીની વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે આગામી સોમવાર, 23 માર્ચ 2026ના રોજ સમારકામ અને નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીના કારણે કપુરાઈ અને ગાયત્રીનગર પાણીની ટાંકી હેઠળ આવતા વિવિધ વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાશે.




કપુરાઈ ટાંકી ખાતે હયાત 600 મી.મી. વ્યાસની ડિલિવરી લાઈન સાથે જોડાણ કરવાની મહત્વની કામગીરી તા. 23/03/2026 સોમવાર ના રોજ હાથ ધરવામાં આવશે. આ કામગીરીને પગલે, 23 માર્ચ (સોમવાર) સાંજનું પાણી વિતરણ સંપૂર્ણપણે બંધ રહેશે. 24 માર્ચ મંગળવાર સવારનું પાણી વિતરણ નિયત સમય કરતા મોડું, ઓછા દબાણથી અને ટૂંકા સમય માટે કરવામાં આવશે.

ગાયત્રીનગર પાણીની ટાંકી ખાતે 450 મી.મી. વ્યાસની મુખ્ય ફીડર લાઈનમાં ફ્લોમીટર બેસાડવાનું આયોજન છે. આ કામગીરી 23 માર્ચના રોજ સવારના વિતરણ બાદ શરૂ કરવામાં આવશે. જેના કારણે, 23 માર્ચ સોમવાર સાંજના સમયે તમામ ઝોનમાં પાણી વિલંબથી અને ઓછા દબાણથી મળશે. વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા જણાવાયું છે કે, ભવિષ્યમાં પાણીના ચોક્કસ માપન અને સુવિધામાં વધારો કરવા માટે આ કામગીરી અનિવાર્ય છે. અસરગ્રસ્ત વિસ્તારોના રહીશોએ આ સમયગાળા દરમિયાન મુશ્કેલી ન પડે તે હેતુથી જરૂરી પાણીનો જથ્થો અગાઉથી સંગ્રહ કરી લેવો અને મહાનગરપાલિકાની આ કામગીરીમાં સહકાર આપવો.

આરટીઈ પોર્ટલમાં ફેરફારના લીધે પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ

## આગામી તા. 28મી સુધીમાં અરજી પ્રક્રિયા શરૂ થશે

( પ્રતિનિધિ )વડોદરા,તા.21

ગત વર્ષે માર્ચના પ્રારંભે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. જોકે, આ વખતે પોર્ટલમાં કેટલાક ફેરફારને લઈને પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થયો છે. જોકે, આગામી દિવસોમાં સરકાર દ્વારા પ્રવેશ જાહેરાત બાદ 28 માર્ચ સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવતા વંચિત જૂથના બાળકો સાથે થતા અન્યાયને રોકવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા ખાસ પગલાં ભરવામાં આવ્યા છે. આરટીઈમાં પાળી બાબતે ફરિયાદો બાદ હવે સરકાર દ્વારા પાળી વિકલ્પ પસંદગી આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ વર્ષથી આરટીઈમાં વાલીને પોતાના બાળકને કઈ પાળીમાં પ્રવેશ આપવો છે,

તેની પસંદગી મળશે. સ્કૂલો પાસેથી માહિતી પણ મંગાવાઈ હતી અને જેના આધારે આરટીઈ પ્રવેશ પોર્ટલમાં સ્કૂલની યાદી સીટો પણ અપડેટ કરાશે. ગત વર્ષે આરટીઈની પ્રવેશ પ્રક્રિયા માર્ચ મહિનાના પ્રારંભે શરૂ કરી દેવામાં આવી હતી.

પરંતુ, આ વખતે સ્કૂલો પાસેથી માહિતી મંગાવીને તે પ્રમાણે યાદી બેઠકો અપડેટ કરવામાં વિલંબ થતા પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકી ન હતી. પરંતુ આ પ્રવેશ પ્રક્રિયા હવે આગામી 28મી તારીખ સુધીમાં શરૂ થઈ જશે.

એક તરફ હાલ પાણીના પોકાર પડી રહ્યા ત્યારે બીજી તરફ પાલિકાની બેદરકારી સામે આવી

## મકરપુરામાં હનુમાનજી મંદિર પાસે પાણીની લાઈનમાં ભંગાણ, હજારો લિટર પાણીનો વેડફાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરામાં એકતરફ કોર્પોરેશન ઉનાળામાં પાણી બચાવવાની ગુલબાંગો પોકારી રહ્યું છે, ત્યારે બીજી તરફ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી અને મેઈન્ટેનન્સના લીરેલીરા ઉડતા દ્રશ્યો મકરપુરા વિસ્તારમાં જોવા મળ્યા હતા. મકરપુરા મેન રોડ પર આવેલા હનુમાનજી મંદિર પાસે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં મસમોટું ભંગાણ સર્જાતા લાખો લિટર કિંમતી પાણી રસ્તાઓ પર વહી ગયું હતું. આ ભયાનક વેડફાટને કારણે મે મહિનાની કાળઝાળ ગરમીમાં પણ મકરપુરા રોડ પર જાણે ચોમાસું બેઠું હોય અને નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. શનિવારની વહેલી સવારે જ્યારે



નોકરીયાત વર્ગ અને શ્રમિકો કામ પર નીકળ્યા હતા, ત્યારે અચાનક લાઈન ફાટતા પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે જોતજોતામાં આખો માર્ગ 'સ્વિમિંગ પૂલ' બની ગયો હતો. હનુમાનજી મંદિરથી આગળના માર્ગ પર પાણી ભરાઈ ગયા હતા. આ આકરા તાપમાં રસ્તા પર વહેતું પાણી જોઈને રાહદારીઓ અને સ્થાનિક રહીશોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાણીની લાઈન લીકેજ થવાને કારણે લાખો લિટર પીવાનું શુદ્ધ પાણી જે લોકોના ઘરો સુધી પહોંચવું જોઈતું હતું, તે ગટરના કાંસમાં વહી ગયું હતું. એક બાજુ શહેરમાં અનેક વિસ્તારોમાં પાણીના લો-પ્રેશરની ફરિયાદો ઉઠે છે, ત્યારે બીજી બાજુ તંત્રની બેદરકારીને કારણે હજારો પરિવારોનું પાણી રસ્તા પર વેડફાઈ રહ્યું છે તે કેટલુ યોગ્ય?

ખેંચ આવતા મોઢું ખોલવા માટે ચલણી સિક્કો નાખવો ભારે પડ્યો, શ્વાસનળીમાં સર્જાઇ ગંભીર સમસ્યા

# ગળામાં સિક્કો ફસાતા SSGમાં મહિલાનું કરુણ મોત

**ગંગાબેન** છેલ્લા ત્રણ વર્ષથી ગંભીર બીમારીઓથી પીડાતી હતી. તેને 'ગઠિયા' નામનો રોગ હતો



(પ્રતિનિધિ), વડોદરા. તા.21

શહેરમાં આવેલી મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં એક અત્યંત કરુણ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મૂળ મધ્યપ્રદેશની એક 29 વર્ષીય પરિણીતાને ખેંચ આવતા મોઢુ ખોલવા માટે દાંત વચ્ચે મૂકેલો ચલણી સિક્કો ગળામાં ઉતરી જતાં અને અન્ય ગંભીર બીમારીઓના ગૂંચવાડાને કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે પાંચ વર્ષની બાળકીએ પોતાની માતા ગુમાવતા પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મધ્યપ્રદેશના ખરગોન વિસ્તારમાં રહેતી ગંગા આકાશ રોકડે (ઉં.વ. 29) ને અચાનક ખેંચ આવી હતી. ખેંચ દરમિયાન જ્યારે દર્દીના દાંત ભીંસાઈ જાય છે ત્યારે તેને ખોલવાના અંધશ્રદ્ધાભર્યા કે અજ્ઞાનતાભર્યા પ્રયાસમાં પરિવારજનોએ તેમના મોઢામાં ચલણી સિક્કો મૂક્યો હતો. કમનસીબે, આ સિક્કો દાંત વચ્ચે રહેવાને બદલે ગળાના ભાગમાં ઊતરીને ફસાઈ ગયો હતો. ગંભીર હાલતમાં તેમને સૌપ્રથમ ખરગોન સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ સ્થિતિ નાજુક જણાતા ઈન્દોર અથવા અન્ય મોટી હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપી હતી. પરિણામે, પરિવારજનો ત્રણ દિવસ પહેલાં તેમને વડોદરાની સયાજી હોસ્પિટલના મેડિસિન વિભાગમાં લઈ આવ્યા હતા. મૃતક ગંગાબેનના સસરા દિનેશભાઈ રોકડેએ ભારે હૈયે જણાવ્યું હતું કે, ગંગા છેલ્લા ત્રણ વર્ષથી ગંભીર બીમારીઓથી પીડાતી હતી. તેને 'ગઠિયા' નામનો રોગ હતો, જેના કારણે તે ખોરાક લઈ શકતી નહોતી અને વારંવાર ઉલ્ટીઓ થતી હતી. વધુમાં, તેને કિડનીમાં ઈન્ફેક્શન હતું અને કરોડરજ્જુમાં પાણી ભરાઈ ગયું હતું. ખેંચ આવ્યા બાદ તેને બ્રેઈન હેમરેજ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી.

સયાજી હોસ્પિટલમાં ત્રણ દિવસ સુધી સઘન સારવાર આપવા છતાં ગંગાબેનને બચાવી શકાયા નહોતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિલાનું મોત સિક્કો ફસાવવાને કારણે થયેલા ગૂંગળામણ (Asphyxia) થી થયું છે કે અન્ય જૂની બીમારીઓના કારણે, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખેંચ આવે ત્યારે દર્દીના મોઢામાં સિક્કો, ચાવી કે ચમચી જેવી વસ્તુઓ નાખવી અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. આનાથી શ્વાસનળી રૂંધાવાની શક્યતા રહે છે જે જીવલેણ નીવડી શકે છે.

સરકારી વાહનોના નિકાલ અને સ્ક્રેપિંગ માટે નવી માર્ગદર્શિકા જાહેર

## 15 વર્ષથી વધુ જૂના સરકારી વાહનોને ફરજિયાત રીતે સ્ક્રેપની પ્રક્રિયા હાથ ધરાશે

( પ્રતિનિધિ )વડોદરા,તા.21

ગુજરાત સરકારે રાજ્યના સરકારી વાહનોના નિકાલ અને સ્ક્રેપિંગ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ હવે 15 વર્ષથી વધુ જૂના સરકારી વાહનોને ફરજિયાત રીતે સ્ક્રેપ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા કેન્દ્ર સરકારના GSR 29(E) નિયમો મુજબ રજીસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપિંગ ફેસિલિટી મારફતે જ કરવામાં આવશે. ગુજરાત સરકારે જણાવ્યું છે કે, અનેક વિભાગોમાં એવા વાહનો હજુ પણ ઉપયોગમાં છે. જેઓ નક્કી કરેલી સમયમર્યાદા અને કિલોમીટર મર્યાદા પાર કરી



ચૂક્યા છે. આવા વાહનો જાળવવામાં સરકારને વધારે ખર્ચ થાય છે અને તેમની કાર્યક્ષમતા પણ ઓછી રહે છે.

તેથી હવે તમામ વિભાગોને વાહનોના નિકાલ માટે એકસરખી પ્રક્રિયા અપનાવવા સૂચના આપવામાં આવી છે. નવી માર્ગદર્શિકા મુજબ કોઈ પણ સરકારી વાહન 2.50 લાખ કિલોમીટર પૂર્ણ કરે અથવા 10 વર્ષ પૂર્ણ કરે તો તેની સમીક્ષા કરવામાં આવશે. જો વાહન ઉપયોગ માટે યોગ્ય ન રહે તો તેને સ્ક્રેપ કરવા માટે મોકલવામાં આવશે. તે સિવાય 15 વર્ષથી વધુ જૂના તમામ વાહનોને ફરજિયાત રીતે સ્ક્રેપ કરવાના રહેશે. સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આવા વાહનોનો નિકાલ માત્ર રજિસ્ટર્ડ સ્ક્રેપિંગ વ્હીકલ ફેસિલિટી મારફતે જ થશે.

વાહનને કન્ડેમ જાહેર કર્યા બાદ તેની નોંધ સંબંધિત આરટીઓ એઆરટીઓ કચેરીમાં કરવામાં આવશે અને પછી સ્ક્રેપિંગ માટે આગળની પ્રક્રિયા હાથ ધરાશે. વાહનના નિકાલ માટે તેની નિલામી કિંમત નક્કી કરતી વખતે મૂળ ખરીદી કિંમતમાંથી અંદાજે 4 ટકા દર વર્ષે ઘટાડીને મૂલ્યાંકન કરવામાં આવશે.